# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

પગ પર ટેકવી, એ બેસે છેઃ નમેલા ખભા,
ચહેરા પર ઊંડા ચાસ
આંખો એક સાથે નિર્ભીક,શોધતી માયાળુ
મસ્તિષ્ક ઠંડુ,-અગ્નિઝરતા શબ્દોનું ઉદભવસ્થાન.
તમે કદી એમને બોલતા સાંભળ્યા છે?
એ શબ્દો નથી ઉચ્ચારતા..
ભૂખથી ભરખાતી વિરાટ પ્રજાના
હિજરાતા આત્માની તાકાતને એ એકત્રિત કરે છે.
અને એમનું લોખંડી પ્રખર વ્યકિતત્વ
એમાંથી નિપજાવે છે શબ્દપંખાળાં શસ્ત્ર
ગંધાતા દૂરિત પ્રતિ.
ધારદાર શબ્દોના એ પ્રહાર કરે છે
પણ હમણાં હમણાં તો એની આત્માની ગોફણમાંથી
છૂટે છે- શબ્દ નહીં,પણ તાતી સંકલ્પશક્તિ...
એમના શબ્દો શબ્દો નથી..કાર્યો છે...

- ઉમાશંકર જોષી

## પાથેય

- રમેશ ઠક્કર

### ભારત ભાગ્યવિધાતા... સરદાર

એકાંત છે, ઓરડો છે, અદમ્ય વાચનભુખ છે..અને સામે આયર્ન મેન માટેનો અહોભાવ છે..સરદાર સાહેબ વિશે જેમજેમ વાંચતો જાઉં છું મારી જિજ્ઞાસા વધતી જાય છે..આવું વિરાટ વ્યકિતત્વ.. એમના સમકાલીનો કેટલા નસીબદાર હશે, જેમને સરદાર સાથે જીવવા મળ્યું હશે.! .મને એમની વૈચારિક સ્પષ્ટતા બેહદ સ્પર્શી જાય છે. એમાં તડ અને ફડ એવું નહીં પણ એક ધરતીપુત્રની કોઠાસૂઝ થકી પ્રગટતી ધરાતલની વાસ્તવિકતા.અને તોયે એ શુષ્ક નથી લાગતા..સરદાર લાગણીથી હર્યાભર્યા રાજપુરૂષ હતા..મહાત્મા ગાંધી માટેનો એમનો આદર લાગણીની ઉચ્ચ અભિવ્યક્તિ જેવો છે..

સરદાર એક સ્વપ્ન છે...કહેવાય છે કે લેખક,પ્રેમી અને દેશભકત આપોઆપ પ્રગટ થતા હોય છે. એમાં સો ટચનો સ્પર્શ જ હોય. એમાં કશું ડુપ્લિકેટ ના ચાલે..સરદારની દેશભકિતનો થોડોઘણો અંશ પણ આજે આપણામાં આવી જાય તો ભારતને સુપર પાવર બનતાં કોઈ ના રોકી શકે..સુપર હીરો સરદાર એક એવું વટવૃક્ષ છે જેની છાયામાં આપણને શાતા મળે છે .સરદાર એટલે અભય..અજય..અજાયબ..અનુપમ પ્રજાપુરૂષ..સરદાર એટલે "બરફમાં જવાળામુખી "(volcano in ice)...જેમણે ભારતને ટુકડાઓ થતાં બચાવ્યું.. The Man Who Saved India...

અમદાવાદના મેયર તરીકે એક સાથે બાવન ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો ત્યારે એમણે કરેલી કામગીરી એ જાહેર કામગીરી માટેનું ઉત્તમ ઉદાહરણ છે..",ગરીબ લતાઓમાં કેવી સ્થિતિ છે તે ઉપરથી મ્યુનિસિપાલિટીના કારભારની પરીક્ષા થાય છે.." એવું એ માનતા..એમાં ભારોભાર સંવેદના છે..એ એકશનના માણસ હતા..આજે આપણે રીઝલ્ટ ઓરીએન્ટેડ વ્યકિત કહીએ એવા..ઉમાશંકર જોશી એમના માટે કહે છે.."એમના શબ્દો એ શબ્દો નથી કાર્યો છે.." અમે કર્મયોગીઓ છીએ પણ સરદાર સાહેબ જેવા કર્મયોગી થવું એ ખુબ કઠિન કામ છે..એવું અમને આટલા વર્ષોની જાહેરસેવા પછી સમજાય છે..

કોઈ એમને ચાણકય કહે છે..કોઈ લોખંડી પુરૂષ..એ ભારતના બિસ્માર્ક કહેવાય છે..પણ એ ભારતના અનિકેત રાજપુરૂષ છે..એકલો જાને રે...એમના માટે સહજ ભાવ હતો..દેશહિત માટે એ કડવા ઘૂંટડા પણ પીવે છે. એ નીલકંઠ છે..એમને વ્યકિતગત કોઈ મહત્વકાંક્ષા ન હતી...જે હતું એ બધું જ રાષ્ટ્ર માટે સમર્પિત..અંત સમયે એકાદ બે જોડી કપડાં, અને બેંકમાં ફકત પોણા ત્રણસો રૂપિયાની મરણમૂડી, અને જેના માટે જગતનો કોઈપણ પિતા ગર્વ લઈ શકે એવાં દિકરી મણીબેન..આ સરદાર સાહેબનું અંગત..બાકી એમનું જીવન એટલે ખુલ્લી કિતાબ..સરદાર સાહેબ વિશે ઘણા લેખકોએ મબલખ લખ્યું છે..કવિઓએ એમના માટે રચનાઓ કરી છે..સરદાર ઉપર ફિલ્મ પણ બની છે. એમનાં ભાષણો તસવીરો એમના સમકાલીનોનાં સંભારણાં સચવાયાં છે. આજનો યુવાન કે વિદ્યાર્થી સરદાર સાહેબના જીવન અને કાર્યો વિશે જાણતો થાય એ જરૂરી છે..અને એટલે જ મબલખ વાચન પછી આ થોડાક શબ્દો થકી હું એમની વિરાટ છબીને જરાક સ્પર્શ કરૂં છું...

# સાહિત્યિક દસ્તાવેજીકરણ કરતા કવિ મનીષ પાઠક : ગાંઠનું ગોપીચંદન કરે છે અને આર્થિક ખુવારી પણ વેઠે છે

પહેલું કિરણ
રમેશ તન્ના

(ગતાંકથી આગળ....)

ભારતીય સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓ અને તેમાં થતું ભારતીય સંસ્કૃતિનું દર્શન ભાવકો સમક્ષ રજૂ કરવા માટે મનીષભાઈ છેલ્લા ચાર વર્ષથી 'સંસ્કૃતપર્વ:વાગ્માધુરી'નું આયોજન કરે છે.

જૈન ધર્મની શ્રેષ્ઠ કૃતિઓ વિશે પણ તેઓ નિયમિત રીતે 'પર્યુષણ સાહિત્યપર્વ' શીર્ષક હેઠળ કાર્યક્રમો યોજે છે. મનીષભાઈ કહે છે કે, જૈન સાહિત્ય અત્યંત મહત્ત્વનું છે. આપણે નરસિંહ મહેતાનો મહિમા કરીએ તે યોગ્ય જ છે, પરંતુ તેની પહેલાં પણ જે જૈન સાધુ-ભગવંતો થયા, જેઓ મોટા સર્જકો હતા તેની પણ વાત થવી જ જોઈએ. ગુજરાતી-પ્રાકૃત જૈન સાહિત્યને જાણવું જોઈએ અને આવા સર્જકોને આપણે પૂજવા જોઈએ. જો સિદ્ધહેમ વ્યાકરણ ગ્રંથ ન મળ્યો હોત તો આપણે ગુજરાતી ભાષા બોલી શકતા હોત? તેઓ કહે છે કે, બાહુબલિ ફિલ્મ જોઈને આપણે રાજી થયા, પરંતુ આપણને ખબર નથી કે જૈન સાહિત્યમાં ભરતેશ્વર બાહુબલિ રાસ નામની એક ઐતિહાસિક કૃતિ છે. બાહુબલિ ફિલ્મ જુઓ અને આ કૃતિ વાંચો તો તમને બાહુબલિ ફિલ્મ ઝાંખી લાગે. તમને ખબર પડે કે રાજમૌલિએ ક્યાથી પ્રેરણા લીધી છે. એક વસંત વિલાસ ફાગુ નામનું કાવ્ય છે. અદભુત કાવ્ય છે, પરંતુ તેના સર્જકની આપણને ખબર નથી. લેખક અજ્ઞાત છે. તમે તેમાં વસંતનું વર્ણન વાંચો તો ખબર પડે કે વિશ્વમાં આનાથી વધારે સુંદર વસંતનું વર્ણન કોઈએ કર્યું જ નથી.

બે વર્ષથી મનીષભાઈ પર્યુષણ વખતે પર્યુષણ સાહિત્ય પર્વ યોજે છે. આ પર્વ પાંચ દિવસનું હોય છે.

તેમણે પુસ્તક પરિચય નામનો હમણાં નવો ઉપક્રમ પણ શરૂ કર્યો છે. યુપીએસસીમાં જે કૃતિઓ ભણવાની આવે છે એ કૃતિઓ વિશે અધિકારી અને શ્રેષ્ઠ વકતાઓ પાસે પુસ્તક પરિચય કરાવાય છે. મનીષભાઈ હંમેશાં ઊંચું નિશાન રાખે છે. કરવાનું છે તે શ્રેષ્ઠ જ કરવાનું છે, સરેરાશ કે નબળું નથી જ કરવાનું. નહીંતર નથી કરવાનું.

આવા તો અનેક કાર્યક્રમો મનીષભાઈ કરે છે. એક દાયકો થયો. આ તમામ કાર્યક્રમોનું વીડિયો શુટિંગ થાય છે. અત્યાર સુધી ઓમ કોમ્યુનિકેશનના નેજા હેઠળ ઓમ કોમ્યુનિકેશનના નેજા હેઠળ અત્યાર સુધી ૪૬૯ વીડિયો થયા છે. યુટ્યૂબ ઉપર તેમણે સાહિત્ય વિમર્શ નામની ચેનલ બનાવી છે. આ તમામ વીડિયો તેઓ આ ચેનલ પર મૂકે છે. આખા વિશ્વના ભાવકો આ વીડિયો જોઈને એકદમ અધિકૃત માહિતી મેળવી શકે છે. મનીષભાઈ કહે છે કે, અમને જે માહિતી મળી છે તે પ્રમાણે ૨૫થી ૩૫ વર્ષના અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો આ વીડિયો જુએ છે. ૮૦ ટકા પુરુષો અને ૨૦ ટકા મહિલાઓ આ વીડિયો જુએ છે. ૮૦ ટકા જોનારો વર્ગ ભારતનો છે, ૨૦ ટકા દરિયાપાર જોવાય છે તેમાં ૫૦ ટકા લોકો અમેરિકાના છે.



મનીષભાઈ આ બધી પ્રવૃત્તિઓ ગાંઠનું ગોપીચંદન કરીને કરે છે. અત્યારે તેમના પર ઓડકાર આવે તેટલું દેવું છે. તેઓ કશો વિચાર કરતા જ નથી. પડશે તેવા દેવાશે. જોયું જશે. ક્યાંકને ક્યાંકથી રસ્તો નીકળશે. તેમના કેટલાક મિત્રો ધરખમ અને વિશ્વાસવાળા છે. તેઓ મનીષભાઈને સાહિત્યિક પ્રવૃત્તિઓનું આર્કાઈવ્ઝ કરવા માટે ઉછીના પૈસા આપે છે. મનીષભાઈને ઓમ નામનો દીકરો છે. કોમ્પ્યુટર સાયન્સમાં સાતમા સેમેસ્ટરમાં ભણી રહ્યો છે. નવાઈ લાગે એવી વાત એ છે કે, મનીષભાઈ ક્યારેય ઘરે પૈસા આપતા નથી અને પોતાના દીકરાની ફીની સગવડ કેવી રીતે થાય છે તેની તેમને ખબર નથી. તેઓ ઘરેથી પૈસા લેતા પણ નથી અને ઘરે પૈસા આપતા પણ નથી. તેમનાં જીવનસાથી કૃપલબહેન ઘરનો આર્થિક વ્યવહાર સાચવે છે.

અમે પૂછીએ છીએ તેઓ કોઈ નોકરી કરે છે? તેઓ કોઈ વ્યવસાય કરે છે? અલગારી મનીષભાઈ કહે છે કે, ના નથી કરતાં. અમે પૂછીએ છીએ તો ઘર કેવી રીતે ચાલે છે? જવાબ મળે છે, એ તો તમારે એને (કૃપલબહેનને) પૂછવું પડે.

વર્ષોથી મનીષભાઈ આખી રાત ઘરની બહાર હોય છે. તેઓ અમદાવાદમાં આખી રાત ચાની લારી પર બેસી રહે છે. પોતાની કારમાં બેસી ચા પીએ અને જો સ્ફૂર્ણા થાય તો કવિતા લખે. મનીષભાઈ જાણીતા કવિ પણ છે. પહેલાં તેઓ વીએસ હોસ્પિટલ પાસેની કોઈ ચાની લારી પર બેસતા હતા એ પછી તેઓ રાયપુર એક ચાની લારી પર બારથી ત્રણ બેસે છે. એ પછી ત્રણ વાગ્યે તેઓ સહજાનંદ કોલેજ આવે. અહીં એક ચાની લારી બાજુમાં કાર લઈને ઊભા રહે. થોડી થોડી વારે તેમને ચા મળતી રહે અને સવાર પડે એટલે દૂધ લઈને તેઓ ઘરે જાય. ચા નાસ્તો કરીને સૂઈ જાય. બપોરે જાગે અને જમીને સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવા માટે ઘરની બહાર નીકળી પડે.

...

મનીષભાઈનો પરિચય મેળવીએ. મૂળ તેમનું ગામ આજોલ. પિતાનું નામ પ્રવીણચંદ્ર અને માતાનું નામ પુષ્પાબહેન. તેમના પિતા ગાંધીનગરમાં સચિવાલયમાં અધિકારી હતા. હવે હયાત નથી. મનીષભાઈનો જન્મ ચોથી જૂન, ૧૯૬૮ના રોજ થયો. તેમનું મોસાળ ચરાડા. તેમનામાં જે સાહિત્યિક પ્રતિબદ્ધતા આવી છે તે તેમના નાના (મમ્મીના પપ્પા) અને દાદામાંથી આવી છે તેમ આપણે કહી શકીએ. મનીષભાઈએ પાંચથી દસ ધોરણ સુધીનો અભ્યાસ અમદાવાદમાં ન્યૂ હાઈસ્કૂલમાં કર્યો. ૧૧-૧૨ નૂતન ફેલોસિફમાં ભણ્યા. એ પછી તેઓ સાયન્સ પ્રવાહમાં ગયા. અમદાવાદની સી.યુ. શાહ કોલેજમાંથી તેમણે ફિઝિક્સ વિષય સાથે બીએસસી કર્યું. જોકે, કલાની પ્રવૃત્તિમાં ખૂબ રસ હતો. કોલેજમાં ભણતા હતા ત્યારે કવિતાઓ લખતા થઈ ગયેલા.

બીએસસી (ફિઝિક્સ)થયા પછી તેમણે ગુજરાત કોલેજમાંથી બે વર્ષનો ડિપ્લોમા ઈન ડ્રામા કોર્સ કર્યો અને પછી એક વર્ષનો ડિગ્રી કોર્સ પણ કર્યો. અભિનય, દિગ્દર્શન, લાઈટિંગ આમ નાટ્ય વિશ્વની બધી સજ્જતા તેમણે કેળવી. તેઓ ખૂબ ઉત્તમ વિદ્યાર્થી હતા. ખૂબ સુંદર રીતે ભણ્યા. કેટલીક સજ્જતામાં તો અવ્વલ બની ગયા. ઓનલાઈન એડિટિંગમાં તેમની માસ્ટરી હતી. ગુજરાત સરકાર, ઈસરો, દૂરદર્શન અને ખાનગી ચેનલોમાં તેમણે અનેક કાર્યક્રમોનું નિર્માણ કર્યું. એક સમય હતો જ્યારે તેમના નામના સિક્કા પડતા. તેમની પાસે શ્વાસ ખાવાનો પણ સમય નહોતો. તેઓ સતત અને સખત કામ કરતા. કેટલીક સંસ્થાઓ તેમની પાસે જ કાર્યક્રમોનું નિર્માણ કરાવતી. મૂળ ચોકસાઈનો માણસ. ગુણવત્તા સાથે સહેજ પણ બાંધછોડ નહીં કરવાની એટલે નહીં જ કરવાની. જે કરો તે શ્રેષ્ઠ કરો.

આવો એક માણસ અચાનક સાહિત્યની ગલીમાં આવી ગયો. બુધ સભામાં ગયો અને તેમના જીવનમાં ધીમે ધીમે વળાંક આવી ગયો. આજે તો એવું લાગે છે કે એ વળાંક યુટર્ન બની ગયો છે. ગુજરાતી ભાષાને અનેક પ્રતિબદ્ધ સેવકો મળ્યા છે, પરંતુ તેમાં મનીષભાઈ અત્યંત નિરાળા છે. આર્કાઈવ્ઝનું તેઓ જે કામ કરી રહ્યા છે તે અત્યંત મહત્ત્વનું કામ છે. કોઈ પણ પ્રકારની અતિશ્યોક્તિ વગર આપણે કહી શકીએ કે તેઓ ગુજરાતી પ્રજા અને ભાષા પર ઉપકાર કરી રહ્યા છે.

જો આપ મનીષભાઈનો સંપર્ક કરવા માગતા હોવ તો ૯૮૨૫૦ ૪૬૬૮૪ નંબર પર સંપર્ક કરી શકો છો.

# કંઈક યાદો લઈ અને વીત્યું વરસ, જોત જોતામાં નવુ આવ્યું વરસ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

કંઈક યાદો લઈ અને વીત્યું વરસ
જોત જોતામાં નવું આવ્યું વરસ
હાસ્ય આવ્યું, તો ભીંજાઈ આંખ પણ,
ને ફરીથી સ્વપ્ન કંઈ લાવ્યું વરસ.

- નયન દેસાઈ

નવું વર્ષ આવ્યું અને સૌ ફરી એકવાર પોતાના રોજિંદા કામકાજમાં વ્યસ્ત બની ગયા. તહેવારો એ નિરસ અને કંટાળાજનક જીવનમાં એક રંગ ઉમેરી દે છે અને માટે જ આપણે સૌ ચહેરા પર એક નવા સ્મિત સાથે જિંદગીના સંઘર્ષો સામે લડવા માટે કટિબદ્ધ થઈ જઈએ છીએ. કુદરતે સમગ્ર જીવસૃષ્ટિમાં કેવળ માણસને જ હસવાની અણમોલ ભેટ આપી છે. હાસ્ય એ એક ફૂર્તિદાયક અને શક્તિદાયક કુદરતી ઔષધ છે. જયારે મન મૂંઝાય કે તનમાં તકલીફ હોય કે નિરાશા અને હતાશાથી ચારેકોર ઘેરાઈ જવાયું હોય ત્યારે તમે આ રામબાણ ઔષધિનો પ્રયોગ કરો. આંખ અને કાન ઉઘાડા રાખી, રોજબરોજ બનતા પ્રસંગોમાંથી આ અદ્દભૂત ઔષધિને ગોતતા રહો. અને એ જ પ્રસંગોને કલ્પનાશક્તિથી સજાવીને મિત્રો અને સ્નેહીઓમાં એ હાસ્યની લહાણી કરો. વાતનું વતેસર તો સૌ કરે, ચાલો આપણે હવેથી હાસ્યનું વાવેતર કરીએ !

શ્રી ગંગાજી શેઠિયા લખે છે તેમ, "મનોવૈજ્ઞાનિકો મતે રોગો ઉત્પન્ન થવાનું મૂળ કારણ ચૂંટાયેલી હતાશા છે. હાસ્ય દ્વારા મનનો બધો જ તણાવ દૂર થઈ જાય છે. સાથે સાથે શરીરનાં અંગોપાંગો અને માંસપેશીઓને પણ એ બિનજરૂરી દબાણમાંથી મુકત કરે છે. થાક ધીરે ધીરે દૂર થવા લાગે છે ને ફૂર્તિનો સંચાર થાય છે. ડૉક્ટરો પણ કહે છે કે વૈજ્ઞાનિક દ્રષ્ટિએ સિદ્ધ થયું છે કે હસવાથી શરીરમાં ઑક્સિજનનું પ્રમાણ વધે છે, રૂધિરાભિષરણની પ્રક્રિયા સારી રીતે થાય છે. શ્વાસનળી અને ફેફસામાં ભરાઈ રહેલો જૂનો કફ નીકળી જાય છે. ફેફસાંની ઑક્સિજન લેવાની શક્તિ ચારથી છ ગણી વધે છે. હસવાથી છાતી અને પેટ વચ્ચે રહેલ ઉદરપટલ, આંતરડાં, લીવર, પેનક્રિયાઝ, જડબાં, પેટ અને બરડાના સ્નાયુઓ પહેલાં ખેચાય છે અને પછી સંકોચાય છે. સ્નાયુઓને ઑક્સિજનયુકત શુદ્ધ લોહી મળતાં તેમની કાર્યક્ષમતા વધે છે. હૃદય પણ મજબૂત બને છે. પ્રદૂષિત શહેરી હવામાનમાં ગળા અને ફેફસાંના રોગો સામાન્ય છે. હાસ્ય દ્વારા ફેફસાં તથા શ્વાસનળીને વ્યાયામ મળતાં શ્વસનતંત્ર સુચારુરૂપે કામ કરે છે. અસ્થમાના રોગો માટે હાસ્યની આ નિર્દોષ કસરતો એ રામબાણ ઈલાજ છે. ખડખડાટ હસવાથી લિમ્ફોસાઈટીસ, ઈન્ડોર્ફિન્સ અને એનેફેસેલિન્સના દર્દમાં રાહત મળે છે અને મન પ્રસન્નતા અનુભવે છે.

હસવાથી યાદશક્તિ સુધરે છે. સાંધા અને સ્નાયુઓના દુઃખાવામાં ઘણી રાહત મળે છે. ચહેરાની કાંતિ વધે છે. લોહીમાં રક્તકણો વધે છે. ચહેરાની ચામડીના સ્નાયુઓની સ્થિતિસ્થાપકતા વધે છે અને ચહેરો ચુસ્ત થાય છે. હાસ્યથી પેટના નાજુક અવયવોને કસરત મળતાં પાચનશક્તિ સુધરે છે. હાઈ બ્લડપ્રેશર, ટેન્શન, ડિપ્રેશન, નર્વસ બ્રેકડાઉન, અસ્થમા અને અનિદ્રા જેવા રોગોમાં હાસ્ય એક અત્યંત ઉપયોગી સારવાર પુરવાર થઈ શકે છે. હાસ્ય પર વિશ્વભરમાં વિવિધ સંશોધનો થયાં છે. નેશનલ કેન્સર ઈન્ટિટયુટ (અમેરિકા)ના જર્નલમાં એક રિપોર્ટ છપાયો છે અને આ મુજબ ૧૦ દર્દીઓને સતત એક કલાક હાસ્યસભર વીડિયો - ટેપ બતાવવામાં આવી. જેમ જેમ દર્દીઓ હસતા ગયા તેમ તેમ દર્દીઓની રોગપ્રતિકારક ક્ષમતા વધવા લાગી. એમની લાળમાં સંક્રમણ વિરોધી પ્રોટીન વધ્યું હતું. ઈન્ટરફેરીન ગામા નામના ફોર્મોનનું પ્રમાણ પણ વધ્યું જે હીલીંગ કેમિકલ ગણાય છે. દર્દીઓ તાણ અનુભવે છે તે એપીનેફીન હોર્મોનનું પ્રમાણ ઘટ્યું અને સાથે સાથે કુદરતી પીડાનાશક ઈન્ડોર્ફિન્સ અને ફેસેલિન્સનું પ્રમાણ વધ્યું હતું. અમેરિકનન પત્રકાર અને લેખક નોર્મન કઝન્સને ટુમેટોઈડ આર્થરાઈટીસ નામનો અસાધ્ય રોગ થયો હતો. આધુનિક વિજ્ઞાન પાસે એ રોગની કોઈ જ દવા ન હતી; એના અંગોપાંગો જકડાવા લાગ્યાં હતા. પછી એણે સૂતા-સૂતા થોકબંધ કોમેડી ફિલ્મો જોઈ, દિવસભર ખડખડાય હાસ્ય એ કરતા રહ્યા. ફકત વિટામીન-સી ની ગોળી અને ખડખડાટ હાસ્ય દ્વારા એ સંપૂર્ણ સાજા થયા અને એની ફળશ્રુતિ રૂપે જગતને બે સુંદર પુસ્તકની ભેટ એમણે આપી. 'એનેટોમી ઑફ એન ઈવનેસ' અને 'બાયોલોજી ઑફ હોપ' હાસ્ય ચિકિત્સાપદ્ધતિ અંગે સંશોધનો કરવા વિશ્વને પ્રેરણા આપતાં પુસ્તકો ગણાય છે.

આપણે ત્યાં લાફીંગ કલબનો ટ્રેન્ડ આજકાલ ઘણો પ્રચલિત બન્યો છે. જાપાનમાં કહેવત છે કે, 'હસવામાં જેટલો સમય ગાળ્યો, તેટલો ઈશ્વરની સમીપે, વિતાવ્યો.'' ખરેખર, ખડખડાટ હાસ્ય કરતી વખતે માણસના હૃદય અને મન બાળક જેવાં નિખાલસ હોય છે. એ વખતે કોઈ પણ સારા-નરસા વિચારો મનમાં પ્રવેશી શકતા નથી. ધ્યાન ધરતી વેળા મનને નિર્વિચાર અવસ્થામાં લઈ જવામાં ખડખડાટ હાસ્ય ખૂબ મદદરૂપ થાય છે. ભરતમુનિના કથન પ્રમાણે "અથર્વવેદ'' માંથી જે ચાર રસ દર્શાવાયા છે તેમાં સર્વશ્રેષ્ઠ હાસ્યરસને માનવામાં આવે છે. કારણ કે હાસ્યરસ જન્મથી મૃત્યુપર્યંત સાથ આપે છે, હાસ્યરસ ફક્ત આપણને પોતાને જ નહીં પરંતુ આપણા સંપર્કમાં આવનારા બધા લોકોને પ્રફુલ્લિત કરે છે. હાસ્ય દ્વારા ઉમંગ, આશા, ઉત્સાહ, સ્નેહ અને સૌમ્યતાનું સુમધુર વાતાવરણ સર્જાય છે. સ્વામી આધ્યાત્માનંદજીએ હાસ્યને એક આખેઆખી પ્રાર્થના સમર્પિત કરતાં લખ્યું છે :

॥ શ્રી હાસ્ય દેવાય નમઃ ॥
હાસ્ય બ્રહ્મા, હાસ્ય વિષ્ણુર, હાસ્ય દેવો મહેશ્વરઃ ।
હાસ્ય સાક્ષાત પર બ્રહ્મ, તસ્મ શ્રી હાસ્યાય નમઃ ॥
યા દેવી સર્વભૂતેષુ હાસ્યરૂપેણ સંસ્થિતા ।
નમસ્તસ્ય નમસ્તસ્ય હાસ્ય દેવૈ નમો નમઃ ॥

- nehalgadhavi 101@gmail.com

# ધરપકડ અને જામીન એક દુધાળી ગાય - સત્યમેવ જયતે

## ન્યાયનો વિલંબ એ ન્યાય ના મળ્યા બરાબર જ છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતની સુપ્રિમ કોર્ટ અને અન્ય હાઈકોર્ટે ધરપકડ અંગે એક દિશાનિર્દેશ જારી કરેલ છે દેશના સંવિધાનમાં વ્યકિતગત સ્વતંત્રતાને એક અમૂલ્ય મૂળભૂત અધિકાર માનવામાં આવેલ છે પરંતુ પોલીસ દ્વારા ભાગ્યે જ તેનું પાલન કરવામાં આવે છે સાત વર્ષથી નીચેની સજાના અપરાધીઓની ધરપકડ માટે કાયદાકીય રીતે પણ કોઈ આવશ્યકતા નથી, પરંતુ ગાર્ભીત ઉદ્દેશો સિધ્ધ કરવા પોલીસ દ્વારા સાત વર્ષથી નીચેની સજાના ગુન્હામાં પણ ધરપકડની બીક બતાવી પોલીસ યેનકેન રીતે પોતાનો ઉદ્દેશ સિધ્ધ કરી લેતી હોય છે. પરિણામે ધરપકડ અને જામીન એ પોલીસ માટે દુધાળી ગાય સાબીત થયેલ છે.

સાત વર્ષની નીચેની સજામાં પોલીસ ઉદ્દેશ સિધ્ધના થતા ધરપકડ પણ કરી લે છે અને જામીન પણ આપતી નથી તેમજ ફસ્ટ કલાસ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ આવા કહેવાતા આરોપીઓને રજુ કરવામાં આવે છે જેમાં નીચલી કોર્ટ પણ ઘણી વખત જામીન આપતી નથી જે સાંપ્રત સમયમાં કાયદાના તજજ્ઞો માટે હંમેશા ચર્ચાનો વિષય રહ્યો છે.

દેશનું પોલીસ આયોગ પણ જણાવી ચુકયુ છે કે, ૬૦ ટકા ધરપકડ અનાવશ્યક રીતે કરવામાં આવે છે તો પછી આવી ધરપકડ કરવામાં કેમ આવે છે ? જે પ્રશ્ન આમ આદમી માટે છે.

આવી રીતે ગેરકાયદેસર રીતે ધરપકડ કરવામાં આવતી વ્યકિતને મેજીસ્ટ્રેટ ભારતીય દંડ સહિતાની કલમ ૫૯ મુજબ આવા કેસોમાં ધરપકડ વગર જામીન લઈ છોડી મુકવા જોઈએ દંડ પ્રક્રિયાની કલમ-૪૩૭ માં જોગવાઈ છે કે બીન જામીન લાયક ગુન્હામાં પ્રથમ વખત પોલીસ દ્વારા પણ જામીન આપી શકાય છે જે કાર્ય પોલીસે કરવાનું હોય તે કામ દેશની ન્યાયાલયને માથે આવે છે અને અદાલત પોલીસને જામીન કેમ ના આપ્યા તેનું કારણ પણ પુછતી નથી આ દેશની ગંભીર વિટમણા છે. સુપ્રિમ કોર્ટે પણ આજદિન સુધી જામીન લાયક ગુન્હામાં ધરપકડ માટે પોલીસ અધિકારીનો ખુલાસો કે જવાબ માંગ્યો નથી.

હાઈકોર્ટમાં વર્ષે ૧૮૦૦૦ ઉપરાંત જામીન અરજીઓ આવે છે જેની સુનવણીમાં જ હાઈકોર્ટનો મહત્વનો સમય પસાર થાય છે જેથી બીજા કેસોમાં મુદ્દતો પડતા આમ જનતાને ન્યાય મેળવવામાં વિલંબ થાય છે. ન્યાયનો વિલંબ એ ન્યાય ના મળ્યા બરાબર જ છે.

ભારતમાં જેટલી એફઆઈઆર દાખલ થાય છે તેના ૨ ટકા કેસોમાં જ સજા થાય છે તો પછી આટલી કાયદાકીય પ્રક્રિયા શા કામની ૨ ટકા અપરાધીઓની સજા બાકીના ૯૮ ટકા નિર્દોષ લોકો ભોગવે છે નીચલી કોર્ટે જામીન ના આપ્યા હોય તેવા કેસો ડિસ્ટ્રીકટ જજની કોર્ટમાં તેમજ ડિસ્ટ્રીકટ જજે જામીન રદ કરેલ હોય તો હાઈકોર્ટમાં જામીન અરજ દાખલ થતા ઘણો સમય વિતે છે અને નિર્દોષ લોકો વિના કારણ જેલવાસ ભોગવી સરકારને બોજો વધારે છે આવી જટીલ ન્યાય પ્રક્રિયા ભારતમાં જ જોવા મળે છે ૨ ટકા અપરાધીઓના કારણે ૯૮ ટકા નિર્દોષ લોકો કોર્ટમાં ધન અને સમય વેડફે છે જેની પાછળ સરકારી તંત્રનો ભારેખમ ખર્ચો થતો રહે છે.

જે મામલામાં પુરાવાનો અભાવ હોય દોષા રોપણ નક્કી થઈ શકે તેમ ના હોય અપરાધ સાબીત કરવાની શકયતા નહીવત હોય તેવા મામલાઓ અને પોલીસ સ્ટેશનમાંથી જ બી અને સી સમરી ભરી રફાદફા કરવા જોઈએ.

પોલીસ દ્વારા જામીન લાયક ગુન્હામાં પણ ઉદ્દેશ સિધ્ધ ના થતા રીમાન્ડ અરજ મુકવામાં આવે છે આવી રીમાન્ડ અરજ મોટાભાગની એટલે કે ૯૮ ટકા અરજી ન્યાયાલય મંજુર જ કરતી હોય છે પરંતુ રીમાન્ડ લેવા માટે પોલીસને દિશા નિર્દેશ આપતી નથી કે કેવી રીતે અને કેવા પ્રકારે રીમાન્ડ લઈ કેસમાં લેવા જોઈએ. લંડનમાં અપરાધી અધિનિયમની કલમ ૪૪ મુજબ પોલીસને રીમાન્ડ માંગતી અરજી સાથે શપથપત્ર આપવા ફરજીયાત છે. રીમાન્ડ લેતા પહેલા પોલીસને શપથ લેવડાવવા જોઈએ કે દેશની ઉચ્ચ ન્યાયલયે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તથા દિશા નિર્દેશ મુજબ તેમજ માનવ અધિકારની તમામ બાબતોનું પાલન કરશે પરંતુ દેશનો કાયદો ધરપકડના પક્ષમાં ના હોવા છતાં પોલીસ તથા જેલ અધિકારીઓ અપરાધીને સગવડ આપવા અથવા ના આપવાના બહાને ઉદ્દેશ સિધ્ધ કરી જ લે છે.

ઓસ્ટેલીયામાં જામીન એ વ્યકિતનો અધિકાર ગણાય છે. જામીન માટે અલગથી એક કાયદો છે પરંતુ આપણે ત્યાં સ્વતંત્રતા ખરીદવી પડે તેવી પરિસ્થિતિ પોલીસ દ્વારા નિર્માણ થતી હોય છે જેથી ધરપકડ અને જામીન એ પોલીસ માટે દુધાળી ગાય સાબીત થાયેલ છે. ભય ઉભો કરી ઉદ્દેશ સિધ્ધ જ થતો રહે છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧
www.trivediassociates.in